



# ભવ આલોચના માર્ગદર્શિકા



–આચાર્ય ગુણરત્નસૂરિ

# ભવ આલોચના
# માર્ગદર્શિકા

સંકલનકાર

પ.પૂ. દીક્ષા દાનેશ્વરી આચાર્ય શ્રીમદ્ વિજય ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.

સંપાદક

પ.પૂ. પ્રવચન પ્રભાવક આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.

પ્રકાશક

**જિનગુણ આરાધક ટ્રસ્ટ**

૧૫૧, ગુલાલવાડી, કીકા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

મોબાઈલ : ૯૪૨૬૫-૪૭૦૮૪ (ભરતભાઈ)

પ્રિન્ટીંગ :- સિદ્ધચક્ર ગ્રાફિક્સ – અમદાવાદ (૦૭૯) ૨૫૬૨૦૫૭૯, ૯૪૨૮૧૧૫૩૦૭

# ભવ આલોચના માર્ગદર્શિકા

અનાદિ કાળથી કર્મના કારણે જીવ સંસારરૂપી અટવીમાં પરિભ્રમણ કર્યા કરે છે. ઘણીવાર પાપકર્મના ઉદયથી જીવ દુઃખનો શિકાર બને છે, તો કોઈકવાર પુણ્યકર્મના ઉદયના કારણે સુખની સામગ્રીઓથી જીવન છલકાઈ જાય છે.

પણ સબુર ! દુઃખ દેવાવાળા અશાતાવેદનીય, અપયશ નામકર્મ આદિ કર્મો જીવનું કશું બગાડી શકતા નથી, દુઃખ દઈને નાશ પામી જાય છે. જેમ ૫૦૦ સાધુઓ ઘાણીમાં પીલાતાં પીલાતાં અશાતાવેદનીયાદિ કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પામી મોક્ષમાં ચાલ્યા ગયા...

એવી જ રીતે સુખ આપવાવાળા શાતાવેદનીય, યશનામકર્મ આદિ કર્મો સુખ આપીને નાશ પામી જાય છે. જેમ તીર્થંકર ભગવાનને કરોડો દેવોની સેવા આદિ... સુખ દેવાવાળા કર્મો સુખ આપી નાશ પામી ગયા. આવી રીતે સુખ આપવા વાળા કર્મો આત્માનું કશું બગાડી શકતા નથી.

વાસ્તવમાં પાપ કરાવનાર કર્મ બગાડે છે. તે ચાર ઘાતીકર્મ છે. તેમાં પણ મોહનીયકર્મ સૌથી વધારે ભયંકર રીતે આત્માને બગાડે છે. મોહનીય કર્મનો ઉદય થતાં દુઃખ ઉપર દ્વેષથી અને સુખ ઉપરના રાગથી આત્મા ભટક્યા કરે છે.

જે જીવ પાપ કરાવનાર મોહનીય કર્મને નિયંત્રણમાં લાવી ક્રોધ, અહંકાર, માયા, કપટ આદિને છોડી શુદ્ધ આલોચના લે છે, તે આરાધક બની જાય છે. આરાધનારૂપી અત્તરની સુગંધથી તેનો આત્મા મઘમઘાયમાન બને છે.

જ્ઞાની પુરુષો ફરમાવે છે કે જેવી રીતે મેલું કપડું સાબુથી સાફ થઈ જાય, તેવી રીતે આલોચના લેવાથી આત્મા નિર્મળ થઈ જાય છે. જેવી રીતે જીવલેણ કેન્સરની ગાંઠનું ઓપરેશન કરવાથી જીવ બચી જાય છે, પણ પગમાંથી કાંટો ન કાઢનારને આખા શરીરમાં પરૂ થઈ જવાથી રિબાઈ રિબાઈને મરી જવું પડે છે, તેવી રીતે અહંકારરૂપી મોહનીયકર્મના ઉદયથી દોષોની આલોચના ન લીધી, તો રૂક્મિણીના ૧ લાખ ભવ થયા, લક્ષ્મણા સાધ્વીજીને ૮૦ ચોવીસી સુધી ભટકવું પડ્યું, પુષ્પચૂલ અને પુષ્પચૂલા ભાઈ-બહેન મટી

પતિ-પત્ની જેવા ભોગ ભોગવવા છતાં પુષ્પચૂલા સાધ્વીજી શુધ્ધ આલોચના લઈને કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા છે.

તેવા બીજા ઘણા દ્રષ્ટાંતો **"જો જે કરમાય ના..."** પુસ્તકમાં તેં વાંચ્યા છે, તેનાથી આલોચનાનું મહત્ત્વ સમજ્યા પછી હવે પોતાની આલોચના લખવા માટે આ પુસ્તકમાં નોંધ આપેલી છે. તેમાં જરાય સંકોચ રાખ્યા વગર બધી હકીકત લખી દેજે. તે સિવાય કોઈ પણ દોષ લાગ્યા હોય, તે બધી આલોચના નિશ્ચિંત થઈને જુદા કાગળમાં લખવા માટે મારી તને ખાસ ભલામણ છે... જેથી તું નિર્મળ થઈ જઈશ. જાણતાં કર્યું હોય તો 'જા.' લખવું, અજાણતાં કર્યું હોય તો 'અજા.' લખવું. ભૂલ જેટલીવાર જે ભાવથી થયું હોય તે જણાવવું.

આલોચના લખીને ગુરુદેવશ્રીને આ પુસ્તક આપી દેજે અને જે તપ થઈ શકતો હોય, તે પણ લખી દેજે...

ગુરુદેવશ્રી જે પ્રાયશ્ચિત આપે તે જલ્દી પૂર્ણ કરવા પ્રયત્ન કરજે.

| દોષોની વિગત | કેટલી વાર? |
|---|---|
| **સમ્યગ્જ્ઞાનના દોષોની વિગત** | |
| ૧. અકાળે ભણ્યા. અકાળ એટલે સૂર્યોદયની ૪૮ મિ. પહેલાં અને સાંજે સૂર્યાસ્ત પછી ૪૮ મિ., મધ્યાહ્ને પુરિમડ્ઢની પહેલા અને પછી ૨૪-૨૪ મિ. | |
| ૨. ગુરુ તેમજ જ્ઞાનનો વિનય ન કર્યો. બહુમાન રહિત ભણ્યા. | |
| ૩. ઉપધાન કર્યા વગર સૂત્રનું અધ્યયન કર્યું. | |
| ૪. સૂત્રનો અર્થ જેવો હતો, તેવો ન કહ્યો, પરંતુ બીજી રીતે કહ્યો. | |
| ૫. પ્રમાદ આદિને કારણે જ્ઞાનના સાધનો પુસ્તકાદિ ન ભણ્યા. | |
| ૬. કાગળ વગેરે બાળ્યાં. | |
| ૭. છાપા/કાગળમાં આહાર નિહાર કર્યા અને એના ઉપર બેઠા. | |
| ૮. પુસ્તક, નવકારવાળી વગેરેને પગ લાગ્યો, લગાડ્યો અથવા ફેંક્યા. | |

૯. થૂંકથી અક્ષર ભૂસ્યો અને જ્ઞાનના સાધનોને થૂંક લગાડ્યું.
૧૦. નવકારવાળી ખોવાઈ ગઈ અથવા તૂટી ગઈ, ફેંકી, હાથમાંથી પડી ગઈ.
૧૧. ભણવામાં કોઈને અંતરાય કર્યો અને કાગળ પર સૂતા.
૧૨. અક્ષરનું ઓછું વધારે ઉચ્ચારણ કર્યુ.
૧૩. જ્ઞાનની નિંદા કરી અને જ્ઞાનદાતાનું નામ છુપાવ્યું. તેમની નિંદા કરી.
૧૪. જ્ઞાનના ઉપકરણ તૂટ્યાં અથવા પુસ્તકો પસ્તીમાં વેંચ્યાં.
૧૫. એંઠા મોઢે બોલ્યા.
૧૬. અક્ષરવાળા કપડા પહેર્યા.
૧૭. અક્ષરવાળી વસ્તુ ખાધી.
૧૮. અશુદ્ધ હાથેથી જ્ઞાનના સાધનો પકડ્યાં.
૧૯. જ્ઞાનના સાધનો નષ્ટ કર્યા.
૨૦. જ્ઞાન અને જ્ઞાની ઉપર દ્વેષ કર્યો.

૨૧. ઋતુકાળમાં પુસ્તક હાથમાં લીધું અને ભણ્યા.

૨૨. વાચનાદાતા (અધ્યયન કરાવનાર ગુરૂ)ને વંદન ન કર્યુ.

૨૩. જ્ઞાનદ્રવ્યનો દુરૂપયોગ કર્યો અથવા નાશ થવા છતાં ઉપેક્ષા કરી.

૨૪. સૂત્રનો અર્થ જાણવા છતાં છુપાવ્યો અને યથાર્થ ન કર્યો.

૨૫. ઉત્સૂત્ર બોલ્યા.

૨૬. પાઠશાળાના શિક્ષક, સ્કૂલ-કોલેજના પ્રાધ્યાપકનું અપમાન કર્યુ, તેમની મશ્કરી કરી.

૨૭. ઘડીયાળ, નોટ, પુસ્તક આદિ જ્ઞાનના સાધનો ખીસ્સામાં રાખી સંડાસ-બાથરૂમ ગયા.

૨૮. સૂત્રોના અક્ષરો વધારે અથવા ઓછા બોલ્યા.

૨૯. તોતડા, બોબડાને જોઈ મશ્કરી કરી.

૩૦. ફટાકડા ફોડ્યા, અથવા તે જોવા ઉભા રહ્યા, તેમાં આનંદ માન્યો.

૩૧. કાગળથી વિષ્ટા સાફ કરી.

૩૨. પુસ્તકાદિને ગુસ્સામાં પછાડ્યાં.

૩૩. પુસ્તકાદિ કાગળીયા રસ્તામાં રખઢતાં નાંખ્યા, અથવા ખાઈમાં ફેંક્યાં.

૩૪. અક્ષરવાળા વાસણમાં જમ્યા.

૩૫. ગરમીમાં કાગળના પૂંઠા આદિથી પવન નાંખ્યો.

૩૬. જ્ઞાનપૂજન આદિ બોલીના પૈસા ભર્યા નહીં, મોડા ભર્યા.

૩૭. સૂતા સૂતા પુસ્તકો વાંચ્યા.

૩૮. જ્ઞાન ભણીને ભૂલ્યા. (પુનરાવૃત્તિ ન કરી.)

૩૯. પુસ્તક ખુલ્લા મૂકી બહાર ગયા.

૪૦. જ્ઞાનનું અભિમાન કર્યુ.

૪૧. અધિક જ્ઞાનવાળાની ઈર્ષ્યા કરી.

૪૨. પુસ્તકો ઉપરથી કે દૂરથી ફેંક્યોં.

૪૩. કોઈને ન આપવાના હેતુથી પુસ્તક સંતાડ્યા કે ન આપ્યા.

૪૪. જ્ઞાન ભણાવવામાં ઉત્સાહ ન બતાવ્યો.

૪૫. નકામા (જરૂર વગરના) અક્ષરો લખ્યા, ભૂંસ્યા.

૪૬. કાગળના પડીકા બાંધ્યા.

૪૭. કોઈના ચાળા પાડ્યા.

૪૮. નામવાળા વાસણ અંતરાયમાં વાપર્યા.

૪૯. ચાલતાં-ચાલતાં પુસ્તક વાંચ્યાં.

૫૦. જમતાં-જમતાં ભણ્યા.

## સમ્યગ્દર્શનના દોષોની વિગત

૫૧. ભગવાનના વચનમાં શંકા કરી.

૫૨. અન્ય દર્શનની અભિલાષા (ઈચ્છા) કરી.

૫૩. અન્ય દર્શનની પ્રભાવના આદિ જોઈ તેને સારું માન્યું.

૫૪. ધર્મના ફળમાં સંશય (શંકા) કર્યો.

૫૫. સાધુ સાધ્વીની નિંદા કરી.

૫૬. દેવ-ગુરુ ધર્મની નિંદા કરી.

૫૭. બીજાની ધાર્મિક આરાધનાની પ્રશંસા ન કરી.

૫૮. બીજાને સમક્તિથી ચલાયમાન કર્યા. ધર્મ નિરર્થક માન્યો.

૫૯. ગુણવાનની નિંદા કરી.

૬૦. ગુરુ, ગ્લાન, નૂતનદીક્ષિત, સાધર્મિક, બાલ, વૃદ્ધ વગેરેની સેવાભક્તિ ન કરી.

૬૧. શક્તિ હોવાં છતાં પણ શાસનની પ્રભાવના ન કરી.

૬૨. મિથ્યાત્વી, કુતીર્થી, અન્ય લિંગીની પ્રશંસા કરી અને તેની ભક્તિ કરી.

૬૩. મિથ્યાત્વી, કુતીર્થી, અન્યલિંગીનો પરિચય કર્યો.

૬૪. મિથ્યાત્વી, કુતીર્થી, અન્યલિંગીની સાથે રહ્યાં અને તેમનું પરિપાલન કર્યુ.

૬૫. મિથ્યાત્વી, કુતીર્થી, અન્યલિંગી પર મમત્વ રાખ્યું.

૬૬. મિથ્યાત્વી, કુતીર્થી, અન્યલિંગીને સૂત્રાર્થ આપ્યો.

૬૭. મિથ્યાત્વી, કુતીર્થી, અન્યલિંગી પર દષ્ટિરાગ કર્યો.

૬૮. પ્રમાદવશ દેવગુરુને વંદન ન કર્યું.

૬૯. દોરા-ધાગા કરનાર શિથિલ સાધુ, પાર્શ્વસ્થાદિને ગુરુ માન્યા અને આહાર વગેરે આપ્યો.

૭૦. પ્રતિમાજી પ્રમાદથી હાથમાંથી પડી ગયા.

૭૧. પ્રતિમાજીની સાથે વાળાકુંચી, ધુપિયું, કળશ આદિ અથડાયા.

૭૨. અશુદ્ધ વસ્ત્રોથી પૂજા કરી.

૭૩. વાળાકૂંચી વિશેષ પ્રકારે જરૂરત વગર પ્રતિમાજીને લગાડી.

૭૪. પ્રતિમાજીને થૂંક કે પગ અથવા પરસેવો લાગ્યો. શ્વાસ લાગ્યો, પૂંઠ પડી.

૭૫. અવિધિથી પૂજા કરી.

૭૬. પહેરેલા પોતાના કપડાનો સ્પર્શ પ્રભુ પ્રતિમાને થયો.

૭૭. પ્રતિમાજીનો નાશ કર્યો અથવા કોઈ અંગાદિ તૂટી ગયા.

૭૮. કળશ વગેરે પડી ગયા.

૭૯. કળશ વગેરેનો નાશ કર્યો અથવા તોડી નાખ્યા.

૮૦. સામર્થ્ય (શક્તિ) હોવાં છતાં પણ તુચ્છ (હલકા) દ્રવ્યોથી પૂજા કરી.

૮૧. પૂજા કરવા જતા ચંપલ આદિનો ઉપયોગ કર્યો.

૮૨. પુરુષોએ સીવેલા કપડાં પૂજા કરતાં પહેર્યાં.

૮૩. જમીન પર અથવા પ્રતિમા પરથી નીચે પડી ગયેલાં ફૂલો ફરી ચઢાવ્યાં.

૮૪. દેવદ્રવ્યથી ખરીદેલ અશન, વસ્ત્ર, સુવર્ણાદિનો ઉપભોગ કર્યો.

૮૫. સૂક્ષ્મ રીતિથી દેવદ્રવ્યનો ઉપયોગ કર્યો.

૮૬. સાધર્મિકથી સાથે અપ્રીતિ કરી.

૮૭. દેરાસરમાં તાંબુલ, પાન, આહારાદિ વાપર્યાં (ખાધાં).

૮૮. દેરાસરમાં પાણી પીધું.

૮૯. દેરાસરમાં વિલાસ, હાસ્ય, નિંદા અને કલહ કર્યો.

૯૦. દેરાસરમાં પેશાબ આદિ કર્યું.

૯૧. દેરાસરમાં ઘરના વેપાર આદિ વિષે વાર્તાલાપ કર્યો.

૯૨. દેરાસરમાં ઋતુ આવી અથવા ગભારામાં ઋતુ આવી.

૯૩. તીર્થના દેરાસરમાં ઋતુ આવી.

૯૪. શત્રુંજય આદિ પર્વત પર ઋતુ આવી.

૯૫. શત્રુંજય આદિ પર્વત પર પેશાબ-સ્થંડિલ આદિ કર્યું.

૯૬. ભગવાનના દર્શન કરવા જઈ રહેલાને રોક્યા અથવા નિષેધ કર્યો.

૯૭. દેરાસર કે જિનપૂજા ન કરવાની પ્રતિજ્ઞા લીધી કે આપી.

૯૮. દેરાસરમાં ફક્ત કલા, કોતરણી આદિ જોવાના ઈરાદાથી ગયા અને ભગવાનને હાથ ન જોડ્યા.

૯૯. શત્રુંજયાદિ તીર્થ પર જઈને પણ ભગવાનને હાથ ન જોડ્યા.

૧૦૦. જિનેશ્વર ભગવાનના દર્શન-પૂજન ન કરવા જોઈએ એવો આશય (ઈરાદો) રાખ્યો અને બીજાને એવી ખોટી શિખામણ આપી.

૧૦૧. દેવદ્રવ્યની ઉછામણી રકમ જલ્દી ન ભરી.

૧૦૨. ચામર, આરીસા વગેરે તોડી નાંખ્યા.

૧૦૩. દેવદ્રવ્ય મોડું ભરપાઈ કર્યુ અને વ્યાજ ન આપ્યું.

૧૦૪. એંઠા મોઢે દેરાસર ગયા.

૧૦૫. દેરાસરમાં ઊલ્ટી થઈ.

૧૦૬. શત્રુંજય ઉપર થૂંક, શ્લેષ્મ વગેરે નાખ્યું.

૧૦૭. આરાધના કરતા ઈચ્છિત ફળ ન મળતા અશ્રદ્ધા કરી.

૧૦૮. દેવદર્શન પૂજાદિનો નિયમ લઈને ભંગ કર્યો.

૧૦૯. ગુરુવન્દનનો નિયમ લઈને ભંગ કર્યો.

૧૧૦. ચૈત્યવંદન કરવાનું ભૂલી ગયા અથવા ન કર્યુ.

૧૧૧. સાધુ મહારાજને વંદન ન કર્યા.

૧૧૨. રસ્તામાં ગુરુદેવ મળ્યા, તે વખતે મત્થએણ વંદામિ ન કર્યું.

૧૧૩. પર્વતિથિઓમાં ચૈત્ય પરિપાટી (ગામના દરેક જિનમંદિરના દર્શન) જિનદર્શન ન કર્યા અથવા અન્ય ઉપાશ્રયોમાં રહેલા મુનિઓને વંદન ન કર્યા.

૧૧૪. મુનિની પાસે પુત્રને વ્યવહારિક અભ્યાસ કરાવ્યો.

૧૧૫. મુનિની પાસે રોગનું નિદાન કરાવ્યું.

૧૧૬. મુનિની પાસે પુત્રાદિને રમાડવા, રડતો હોય તો તાળી પાડીને ચૂપ રખાવવા કર્યું.

૧૧૭. મુનિની પાસે ઘરનું કામ વગેરે કરાવ્યું.

૧૧૮. મુનિની પાસે રક્ષાપોટલી, મંત્ર યંત્રાદિ કરાવ્યા.

૧૧૯. મુનિની વસ્તુ (મુહપત્તિ, દંડાસન, સૂપડી, પેન આદિ) લીધી, ઉપયોગ કર્યો અથવા વેચી દીધી.

૧૨૦. મુનિ દ્વારા વસ્તુની લે-વેચ કરાવી.
૧૨૧. પુરુષો સાધ્વીજીની પાસે ભણ્યા.
૧૨૨. સાધ્વીજીની પાસે અથવા તેમના દ્વારા કંઠી, ચરવળા માળા, ફૂમતા આદિ બનાવડાવ્યું.
૧૨૩. પોતે શ્રાવક હોવા છતાં પણ સાધુ પાસે શરીર દબાવડાવ્યું અથવા પગ વગેરે ધોવડાવ્યા.
૧૨૪. ગુરુની આજ્ઞાથી વિરુદ્ધ થયું કર્યુ.
૧૨૫. સાધુ-સાધ્વીજી ઉપર સ્નેહરાગની દૃષ્ટિ આદિ નાંખી.
૧૨૬. કુચારિત્રી દેખી ચારિત્ર ઉપર અભાવ હુઓ.
૧૨૭. દેરાસરમાં વાછૂટ થઈ.
૧૨૮. સંઘના કાર્યમાં વિઘ્ન નાંખ્યું.
૧૨૯. ગુરુદેવને પોતાનો પગ લાગ્યો અથવા થૂંક, શ્વાસાદિ લાગ્યાં.
૧૩૦. ગુરુદેવની સામે રોષપૂર્વક બોલ્યા અથવા કડવા શબ્દ કહ્યા.

૧૩૧. ગુરુદેવના આસનને પગ લાગ્યો.
૧૩૨. વડીલ સાધુનો ઉપર્યુક્ત (ઉપર મુજબ) અવિનય કર્યો.
૧૩૩. સંઘ, આચાર્ય, ઉપાધ્યાયાદિ પર દ્વેષ કર્યો કે નિન્દા કરી.
૧૩૪. ગુરુદ્રવ્યનો ઉપભોગ કર્યો.
૧૩૫. ગુરુદ્રવ્યનો નાશ કર્યો, બચાવમાં શક્તિ હોવા છતાં પણ ઉપેક્ષા કરી.
૧૩૬. મુનિનું અન્નાદિ ખાધું અથવા પાણી પીધું.
૧૩૭. મુનિના વસ્ત્રાદિનો ઉપયોગ કર્યો.
૧૩૮. સ્થાપનાચાર્ય સ્થાપ્યા વિના ક્રિયા કરી.
૧૩૯. સ્થાપનાચાર્યને પગ લાગ્યો.
૧૪૦. સ્થાપનાચાર્ય પડી ગયા.
૧૪૧. સ્થાપનાચાર્યની આશાતના કરી, પૂંઠ પડી.
૧૪૨. સ્થાપનાચાર્યનો નાશ કર્યો.
૧૪૩. સ્થાપનાચાર્ય ખોવાઈ ગયા.

૧૪૪. અવિધિથી સ્થાપના સ્થાપી.

૧૪૫. સ્થાપના કરેલા સ્થાપનાચાર્ય હલી ગયા.

૧૪૬. સ્થાપના કરેલા સ્થાપનાચાર્ય પડી ગયા અથવા પગાદિ લાગ્યા.

૧૪૭. મિથ્યાત્વ ક્રિયારૂપ હોમ, વિધાનાદિ કર્યા, કરાવ્યા.

૧૪૮. સ્થાપનાચાર્યનું પડિલેહણ ન કર્યું.

૧૪૯. શીતળા માતા, ઘંટાકર્ણ, ભૈરવ, હનુમાન, સંતોષી મા, સાંઈબાબા, નાગદેવતા આદિની માનતા કરી કે કરાવી અથવા કરનારને સારા માન્યા કે સારા કહ્યા.

૧૫૦. નદી, કુંડ આદિમાં પિતા વગેરેને જલાંજલિ આપી.

૧૫૧. શ્રાદ્ધકાર્ય કર્યુ.

૧૫૨. બારસ આદિ મિથ્યા પર્વતિથિ કરી.

૧૫૩. મિથ્યાત્વીના તીર્થો પર ઉત્સવાદિ કર્યા કે કરાવ્યા.

૧૫૪. મિથ્યાત્વીના તીર્થો પર સ્નાનાદિ કર્યુ કે કરાવ્યું.

૧૫૫. વૃક્ષ (તુલસી આદિ)નું આરોપણ કર્યું.

૧૫૬. મિથ્યાદષ્ટિના તીર્થ પર ગયા.

૧૫૭. મિથ્યાદષ્ટિ તીર્થોના જીર્ણોદ્ધાર આદિ કરાવ્યા. તેના મંદિર બનાવ્યા.

૧૫૮. મિથ્યાદષ્ટિ દેવોની પૂજા અને અર્ચના કરી.

૧૫૯. હોળી, રક્ષાબંધન, નાગપંચમી, શીતળાસાતમ, ધનતેરસ આદિ મિથ્યાત્વી પર્વ માન્યા.

૧૬૦. જાણકાર હોવા છતાં નિષ્કારણે સાધુને આધાકર્મી આદિ આહાર વહોરાવ્યો.

૧૬૧. નવરાત્રિ રમવા ગયા, જોવા ગયા.

૧૬૨. સડેલા ફળો ભગવાનને ચઢાવ્યા.

૧૬૩. ઘરની કુળદેવીની પૂજા કરી, નૈવેદ્ય કર્યું.

૧૬૪. સર્વ ધર્મને સરખા ગણ્યા.

૧૬૫. રામલીલા, ગણપતિ જોવા ગયા. ______

૧૬૬. બળતાં રાવણને જોવા ગયા. ______

૧૬૭. હોળી જોઈ. ______

૧૬૮. હોળીના ગીતો ગાયા. ______

૧૬૯. ધૂળેટી રમ્યા. ______

૧૭૦. શત્રુંજયાદિ તીર્થોમાં અભક્ષ્ય ખાધું. ______

૧૭૧. શત્રુંજયાદિ પર્વત ઉપર દહીં, અભક્ષ્યાદિ ખાધું. ______

૧૭૨. શત્રુંજયાદિ તીર્થોમાં રાત્રિભોજન કર્યું. ______

૧૭૩. શત્રુંજય પર્વત પર ચંપલ આદિ પહેર્યા. ______

૧૭૪. દેરાસરમાં શરીરમાંથી નીકળેલું લોહી નાંખ્યુ. ______

૧૭૫. દેરાસરમાં પિક્ચરના રાગમાં સ્તવનો ગાયા. ______

૧૭૬. દેરાસરમાં આંખ, કાન, નખ, ચામડી આદિનો મેલ ઉતાર્યો. ______

૧૭૭. દેરાસરમાં ખાવા-પીવાદિના વિચાર કર્યા. ______

૧૭૮. દેરાસરમાં પગ પર પગ ચઢાવ્યા. અથવા જેમ તેમ બેઠા.

૧૭૯. દેરાસરમાં નિંદા કરી.

૧૮૦. દેરાસરમાં ભૂલથી પગરખા, છત્રી આદિ લઈ ગયા.

૧૮૧. દેરાસરમાં પ્રતિમાજીના કે ધજાના દર્શન થતાં બે હાથ જોડી નમો જિણાણં ન બોલ્યા.

૧૮૨. દેરાસરમાં ખભે ખેસ ન નાખ્યો.

૧૮૩. દેરાસરમાં રમત રમ્યા.

૧૮૪. દેરાસરમાં પલાઠી વાળી.

૧૮૫. દેરાસરમાં પગ પર લાગેલી ધૂળ ઝાટકી.

૧૮૬. દેરાસરમાં મોટેથી સ્તવન ગાયા.

૧૮૭. દેરાસરમાં ઊંઘ આવી અથવા ઝોકાં ખાધાં.

૧૮૮. ઘર દેરાસરમાં પૂજા કે આરતી રહી ગઈ.

૧૮૯. ભગવાનની ત્રિકાળપૂજા ન કરી.

૧૯૦. દેરાસરમાં મિઠાઈ વગેરે જોઈ વાપરવાની ઈચ્છા થઈ.

૧૯૧. બાળપણમાં અજ્ઞાનતાથી દેરાસરની પીપરમેંટ, નૈવેદ્ય આદિ ખાધું.

૧૯૨. આંગી પર રાગદ્વેષ કર્યો.

૧૯૩. ઘરે ગોચરી આદિ અર્થે પધારેલ સાધુ કે સાધ્વીજી વિ. નો વિનય-સત્કાર ન કર્યો, ઊભા ન થયા.

૧૯૪. મિથ્યાદર્શનના ગીત સારા લાગ્યા, ગાયા, કેસેટો સાંભળી.

૧૯૫. પૂજારીને ભગવાનની ભક્તિમાં અંતરાય કરીને પોતાના કામ માટે બોલાવ્યા અથવા પોતાનું કામ ભળાવ્યું.

૧૯૬. સાધુ-સાધ્વીજી ભ. ના મલિન વસ્ત્ર-ગાત્ર દેખી દુગંછા ઉપજાવી.

૧૯૭. દિવસ દરમ્યાન ભગવાનના દર્શન ન કર્યા.

૧૯૮. વાપરવા પહેલા ભગવાનના દર્શન ન કર્યા.

## પ્રથમ સ્થૂલપ્રાણાતિપાત વિરમણ અણુવ્રતના દોષોની વિગત...

૧૯૯. સામાયિક આદિમાં પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિનો સંઘટ્ટો થયો.

૨૦૦. સામાયિક આદિમાં પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરો ગાઢ સંઘટ્ટો થયો.

૨૦૧. સામાયિક આદિમાં પાંચ સ્થાવરનો નાશ કર્યો.

૨૦૨. સામાયિક આદિમાં અનંતકાય વિકલેન્દ્રિય (૨-૩-૪ ઈન્દ્રિય)નો સંઘટ્ટો કે પીડા પહોંચાડી.

૨૦૩. સામાયિક આદિમાં પંચેન્દ્રિયનો સંઘટ્ટો થયો કે પીડા પહોંચાડી.

૨૦૪. સામાયિક આદિમાં પંચેન્દ્રિયનો ગાઢ સંઘટ્ટો થયો કે પીડા પહોંચાડી.

૨૦૫. સામાયિક આદિમાં પંચેન્દ્રિયનો નાશ કર્યો.

૨૦૬. સામાયિક આદિમાં જોરદાર વરસાદના છાંટા લાગ્યા કે વરસાદ વરસતે ગયા.

૨૦૭. અળગણ પાણી વાપર્યુ (સ્નાનાદિ કર્યું) કે પીધું.

૨૦૮. અળગણ પાણી ગરમ કર્યુ.

૨૦૯. અળગણ પાણી વ્યાપારાદિ કાર્ય માટે વાપર્યુ.

૨૧૦. ખારું-મીઠું પાણી ભેગું કર્યુ. કાચું-પાકું પાણી ભેગું કર્યુ.

૨૧૧. પાણીના જીવો (ગાળ્યા પછી) જ્યાં ત્યાં ફેંકી દીધા કે સૂકવી નાંખ્યા.

૨૧૨. છિદ્રવાળી જમીન અથવા ખાલી કૂવા, ખાળ આદિમાં સ્નાનનું પાણી કે ગરમ પાણી વહેવડાવ્યું.

૨૧૩. પૂંજ્યા-પ્રમાર્જ્યા વગર લાકડા આદિ ચૂલામાં નાંખ્યા.

૨૧૪. છાણ વાસી રાખ્યું.

૨૧૫. ત્રસ આદિ જીવસહિત અનાજ દળ્યું.

૨૧૬. માંકડ સહિત ખાટલો, પલંગ, ગાદી વગેરે તડકામાં રાખ્યા.

૨૧૭. ચકલી આદિના માળા તોડ્યા કે તૂટ્યા કે ઈંડા ફોડ્યા.

૨૧૮. પ્રસૂતિ થઈ.

૨૧૯. પ્રસૂતિ આદિ કાર્ય કરાવ્યું કે તેની પાસે રહ્યા.

૨૨૦. ગર્ભપાત કર્યો કે કરાવ્યો.

૨૨૧. ગર્ભપાત સારો માન્યો, કે તેની પ્રેરણા કરી.

૨૨૨. ઊધઈ આદિના ઘરો નષ્ટ કર્યા.

૨૨૩. સડેલું ધાન્ય ખાંડ્યું, દળ્યું, ભરડાવ્યું કે તડકામાં રાખ્યું.

૨૨૪. ઉકરડા સળગાવ્યાં.

૨૨૫. ખેતર ખેડ્યાં.

૨૨૬. ખેતરમાં લોભથી ગાય આદિ બાંધ્યા.

૨૨૭. ઘંટી, સાંબેલા, ચૂલા આદિનો જોયા વગર ઉપયોગ કર્યો.

૨૨૮. નવા ચૂલા બનાવ્યા.

૨૨૯. જળો મુકાવી.

૨૩૦. પશુ આદિનો વધ કર્યો.

૨૩૧. ઘાસ આદિ પર બેઠા કે ચાલ્યા કે નિગોદનો સંઘટ્ટો થયો.

૨૩૨. રાત્રિમાં સ્નાન કર્યુ.

૨૩૩. તળાવ આદિમાં કપડાં વગેરે ધોયા અને સ્નાન કર્યુ.

૨૩૪. વાળમાંથી જૂ લીખ વગેરે કાઢીને વિરાધના કરી.

૨૩૫. અતિભારનું આરોપણ કર્યુ.

૨૩૬. નિર્ધ્વંસ પ્રવૃત્તિ કરી.

૨૩૭. બહાર જગ્યા હોવાં છતાં કે ન હોવાથી સંડાસમાં જાજરૂપેશાબ ગયા, બાથરૂમમાં સ્નાનાદિ કર્યુ.

૨૩૮. કૃમિ (અળસીયા)નો નાશ કર્યો કે ઔષધાદિ દ્વારા કરાવ્યો.

૨૩૯. ઘણા પાણીથી સ્નાન, વસ્ત્ર ધોવા વગેરે કાર્ય કર્યુ. ____________

૨૪૦. ગટરમાં પાણી નાંખ્યું. ____________

૨૪૧. ન્હાતી વખતે સાબુ વાપર્યો. ____________

૨૪૨. ઈંડા ફોડ્યા, આમલેટ કે ચિકન ખાધાં. ____________

૨૪૩. નળ ચાલુ રાખી કપડાં ધોયાં. ____________

૨૪૪. હિંસક ચરબીવાળા શેમ્પુ, સાબુ વાપર્યા. ____________

૨૪૫. મનુષ્યને માર માર્યો કે હાથ પગ તોડ્યા. ____________

૨૪૬. અનેક જીવોને મારવાનો વિચાર કર્યો. ____________

૨૪૭. બાળક આદિને માર્યા. ____________

૨૪૮. નોકર આદિને ભોજન મોડું કરાવ્યું. ____________

૨૪૯. જીવનાશ માટે ઝેરી દવા વાપરી. ____________

૨૫૦. ઊંદરડા આદિને પાંજરામાં પૂર્યા કે પૂંછ વગેરે કપાઈ ગઈ. ____________

૨૫૧. ઊંદરડા આદિને યોગ્ય સ્થાને ન છોડ્યા. ____________

૨૫૨. મોટરકારથી માનવ, જાનવર વગેરેનું એકસીડેન્ટ થયું.

૨૫૩. કૂતરા, બીલાડા, પોપટ આદિ પાળ્યા.

૨૫૪. રાજાનો ઘાત કર્યો.

૨૫૫. ગામ સળગાવ્યું.

૨૫૬. વર્ષાઋતુમાં ઢાંક્યાં વગર દીવો સળગાવ્યો અથવા ઘણી લાઈટો ચાલુ રાખી.

૨૫૭. જૂ આદિના નાશ માટે દવા આદિનો પ્રયોગ કર્યો અથવા મસ્તક તડકામાં તપાવ્યું.

૨૫૮. મુઠ્ઠી વાળીને ઉડતી માખીને મારી.

૨૫૯. ડી.ડી.ટી. પાવડર વગેરે છંટાવીને જીવ-જંતુ માર્યા.

૨૬૦. તેવી જ રીતે મચ્છર વગેરે માર્યા.

૨૬૧. નખ દ્વારા જૂ આદિ મારી.

૨૬૨. તીક્ષ્ણ દાંતીયા-કાસકીથી જૂ આદિ કાઢી.

૨૬૩. વિકલેન્દ્રીય (૨-૩-૪ ઈન્દ્રિયવાળા) જીવોનો દરમાં નાશ કર્યો અથવા તેને બહાર કાઢી નાશ કર્યો. ____________

૨૬૪. લક્ષ્મણરેખા વગેરે ચોક બનાવ્યા કે વાપર્યા, કીડી આદિ તેનાથી મરી. ____________

૨૬૫. પ્રસૂતિ પછી નાળછેદ કર્યો. ____________

૨૬૬. પંચેન્દ્રિય પર પ્રહાર કર્યો અથવા નીચે પાડ્યા. ____________

૨૬૭. વાસી ભોજનાદિ રાખ્યા કે કર્યા. ____________

૨૬૮. પશુવધાદિ કર્યો. ____________

૨૬૯. જળક્રીડા કરી. સ્વીમિંગ પૂલમાં ગયા. ____________

૨૭૦. પંપ, કૂવો ખોદાવ્યો. ____________

૨૭૧. વીંછી, વાંદાદિ પકડ્યા કે માર્યા. ____________

૨૭૨. મધપૂડો પડાવ્યો. ____________

૨૭૩. નદી, તળાવ, ખેતરમાંથી સિંગોડા, ટામેટા આદિ લાવ્યા. ____________

૨૭૪. મોટા ઝાડ કપાવ્યાં.

૨૭૫. ગાર્ડન વગેરે કરાવ્યા. તેમાં ઘાસ કપાવ્યું/કાપ્યું.

૨૭૬. એસીડથી સંડાસાદિ સાફ કર્યા.

૨૭૭. ઈલેક્ટ્રીક ભઠ્ઠી, ઘરઘંટી, વોશિંગ મશીન, હીટર, એરકંડીશન, ઈસ્ત્રી, રેફ્રીજરેટર, લીફ્ટ, એરકુલર, પંખા, લાઈટ, ગેસ, માચીસ, ચૂલા, વોશર, સગડી આદિ વાપર્યા.

૨૭૮. કતલખાનામાં પૈસાદિની સહાય કરી.

૨૭૯. ગાય-ભેંસાદિ બાંધ્યા.

૨૮૦. મકાન ચણાવ્યા અથવા ફર્નીચર કરાવ્યું.

૨૮૧. ભમરીના ઘર તોડ્યાં.

૨૮૨. બાળપણમાં કુતૂહલવૃત્તિથી ઉડતી માખી પકડીને છોડી.

૨૮૩. ફૂવારા નીચે નાહ્યા.

૨૮૪. કાંસકી આદિથી જૂ કાઢતાં મરી.

૨૮૫. એંઠા ગ્લાસ, પવાલા વગેરે ઘડામાં નાખ્યા.

૨૮૬. નાના બાળકોને સંડાસ આદિમાં પૂર્યા.

૨૮૭. નાના બાળકોને દોરી આદિથી બાંધ્યા.

૨૮૮. બાકુળા રાંધ્યા.

૨૮૯. ચાલુ પંખામાં ચકલી-કબૂતરાદિ મર્યા.

## બીજા સ્થૂલમૃષાવાદ-વિરમણ અણુવ્રતના દોષોની વિગત

૨૯૦. ક્રોધ, ભય, લોભ કે હાસ્યથી અસત્ય બોલ્યા.

૨૯૧. પાંચ રીતે મોટા જૂઠ બોલ્યા : ૧) જમીન ૨) કન્યા ૩) ગાય આદિ વિષે અસત્ય બોલ્યા ૪) બીજાની રાખેલી અનામતની કબુલાત ન કરી (થાપણ ઓળવી) ૫) ખોટી સાક્ષી આપી.

૨૯૨. સ્ત્રી આદિની ગુપ્ત વાતો જાહેર કરી.

૨૯૩. ખોટા ચોપડા લખ્યા.

૨૯૪. મર્મ વચન કહ્યા.

૨૯૫. કોઈકને ખોટા પાડવા ખોટી સલાહ આપી.

૨૯૬. ચાડી ખાધી.

૨૯૭. કલહ કર્યો.

૨૯૮. ખોટો કલંક લગાડ્યો, શાકિની (ડાકણ) વગેરે કહ્યું અથવા ધન વગેરે મળ્યું છે, એવું ખોટું બોલ્યા.

૨૯૯. શ્રાપ આપ્યો.

૩૦૦. દસ્તાવેજ પર અક્ષર વધતો – ઓછો લખ્યો.

૩૦૧. રાજકુળ (કોર્ટ) સુધી કલંક પહોંચાડ્યો.

૩૦૨. અયોગ્ય રીતે કોઈને દંડ આવ્યો.

૩૦૩. વંચનાથી (ઠગીને) કોઈને મારી નંખાવ્યા.

૩૦૪. અયોગ્ય રીતે કલંકાદિ આપીને મારી નંખાવ્યા.

૩૦૫. ધર્મ લોપાય (નાશ પામે) તેવા વચનો કહ્યા.

૩૦૬. ૧૫ દવસ, ૧ માસ, ૪ મહિના કે ૧ વર્ષ સુધી ક્રોધ વગેરે રાખ્યા.

૩૦૭. ભગવાન આદિના સોગંદ ખાધાં.

૩૦૮. નાની-નાની વાતોમાં નિષ્ઠુરપણે જૂઠ બોલ્યા.

૩૦૯. નારદ પ્રકૃતિથી કલહ કરાવ્યો.

## ત્રીજા સ્થૂલ અદત્તાદાન-વિરમણ અણુવ્રતના દોષોની વિગત

૩૧૦. પોતાના ઘરમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ચોરી કરી, જાણતાં છતાં કલહાદિ કર્યો.

૩૧૧. ડબલ પ્રભાવના લીધી.

૩૧૨. બીજાના ઘરમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ચોરી કરી, જાણતાં છતાં કલહાદિ કર્યો. ______

૩૧૩. વિશ્વાસઘાત કર્યો. ______

૩૧૪. ભયંકર ક્રૂરતાથી ચોરી કરી. ______

૩૧૫. કર (ટેક્ષ), જકાત (ઓક્ટ્રોય)ની ચોરી કરી. ______

૩૧૬. ખોટા માપ તોલ કર્યા. ______

૩૧૭. ભેળસેળ કર્યા. ______

૩૧૮. ખોટા માપ રાખ્યા. ______

૩૧૯. મોટી ચોરી કરી. ______

૩૨૦. સ્કૂલમાં કે ધાર્મિક પરીક્ષામાં ચોરી કરી. ______

૩૨૧. વગર ટિકીટે મુસાફરી કરી. ______

૩૨૨. દાણચોરી કરી કે પ્રોત્સાહન આપ્યું. ______

૩૨૩. લાંચ લીધી કે લાંચ આપી કામ કરાવ્યા. ______

૩૨૪. ચોરી પાસેથી વસ્તુ ખરીદી.

૩૨૫. બીજાને ઠગ્યા.

૩૨૬. સારી વસ્તુ દેખાડી હલકી આપી.

૩૨૭. રસ્તામાં પડેલી વસ્તુ, નોટો, ઘરેણાં રાખી લીધાં.

૩૨૮. ખેતરમાંથી ફળ-ફૂલ-શાકભાજીની ચોરી કરી.

૩૨૯. દેવ/ગુરૂ/સાધારણ દ્રવ્ય ખાતાના રકમની ચોરી કરી.

૩૩૦. ઘરમાં કોઈનાથી છાનુ ખાધું.

૩૩૧. સાસરામાં કબાટ વિ. માંથી કપડાં, પૈસા, દાગીના વગેરે છૂપી રીતે લાવ્યાં અને રાખ્યાં.

૩૩૨. છેતરપિંડી કરી.

૩૩૩. સ્કૂલમાં પેન, પેન્સિલ, રબ્બર આદિની ચોરી કરી. બીજાની ટિકીટ, પાસ વગેરેથી મુસાફરી કરી.

## ચોથા સ્થૂલ મૈથુન વિરમણ અણુવ્રતના દોષોની વિગત

૩૩૪. સહસાત્કાર સ્વસ્ત્રી (સ્વ પુરુષ) સંબંધી વ્રતભંગ કર્યો.
૩૩૫. પ્રમાદથી સ્વસ્ત્રી (સ્વ પુરુષ) સંબંધી વ્રતભંગ કર્યો.
૩૩૬. જાણીને સ્વસ્ત્રી (સ્વ પુરુષ) સંબંધી વ્રતભંગ કર્યો.
૩૩૭. એકાએક વેશ્યા (સ્વ પુરુષ) સંબંધી વ્રતભંગ કર્યો.
૩૩૮. પ્રમાદથી વેશ્યા (સ્વ પુરુષ) સંબંધી વ્રતભંગ કર્યો.
૩૩૯. જાણી જોઈને વેશ્યા (સ્વ પુરુષ) સંબંધી વ્રતભંગ કર્યો.
૩૪૦. ગર્લ ફ્રેન્ડ-રખાત (પર પુરૂષ બૉય ફ્રેંડ) રાખ્યા.
૩૪૧. અન્યની ગર્લફ્રેન્ડ-રખાત (પર પુરૂષ અન્યનો બૉય ફ્રેંડ) નો પરિભોગ કર્યો.
૩૪૨. કોલેજ જીવનમાં અફેર (Love) રહ્યો.
૩૪૩. કોલેજ જીવનના અફેર (Love) માં સ્પર્શ આદિ કર્યાં.
૩૪૪. કોલેજ જીવનમાં પ્રેમમાં (Love) માં ગિફ્ટ આદિ આપ્યા.
૩૪૫. કોલેજ જીવનના અફેર (Love) માં અંતરાય... વર્ષ પાળી નહી.
૩૪૬. બન્નેની સંમતિપૂર્વક ભોગ કર્યો.
૩૪૭. કોલગર્લ બોલાવી કુચેષ્ટા કરી.
૩૪૮. વેશ્યાનું સેવન કર્યુ. (અનિયમ હોવાથી)

૩૪૯. વેશ્યાનું સેવન કર્યું. (નિયમ હોવા છતાં)
૩૫૦. હાસ્યાદિમાં વ્રતભંગ કર્યો.
૩૫૧. સ્વપ્નમાં શીલભંગ કર્યો.
૩૫૨. સજાતીય વ્રતભંગ કર્યો.
૩૫૩. ઉત્તમજાતિની સ્ત્રીનો પ્રમાદથી ભોગ કર્યો.
૩૫૪. તિર્યંચસંબંધી વ્રતભંગ કર્યો.
૩૫૫. સ્વ કે પર પુરુષ સાથે મુખ કે હસ્તમૈથુન (હસ્ત ક્રિયા) કરી.
૩૫૬. પર સ્ત્રીના હૃદયનો સ્પર્શ કર્યો કે સ્તન દબાવ્યા.
૩૫૭. ઢીંગલા-ઢીંગલીના વિવાહ કર્યા.
૩૫૮. ઢીંગલા - ઢીંગલી ગુંથ્યા.
૩૫૯. તીવ્ર રાગદષ્ટિથી જોયું.
૩૬૦. તીવ્ર રાગદષ્ટિથી પરસ્ત્રીનું ચુંબન કે આલિંગન કર્યું.
૩૬૧. તીવ્ર રાગદષ્ટિથી હાસ્યાદિ કર્યું કે આંગળી આદિથી કુચેષ્ટા કરી.

૨૬૨. મૈથુનાદિ તીવ્ર અશુભ ચિન્તા કરી, કે સ્તન આદિ ચુસ્યા.
૩૬૩. પરસ્ત્રી (પર પુરુષ) ના મુખ, સ્તન કે ગુપ્ત અંગોનો સ્પર્શ ક્યો.
૩૬૪. સૃષ્ટિ વિરૂદ્ધ કર્યુ.
૩૬૫. વર–કન્યાનો વિવાહ કર્યો.
૩૬૬. બીજાના વિવાહ કર્યા.
૩૬૭. વર–વહુ શોધ્યા.
૩૬૮. શીલપાલનમાં વિઘ્ન નાખ્યું. અથવા બીજાના શીલભંગ માટે વ્યવસ્થા કરી.
૩૬૯. કુમાર કે કુમારી અવસ્થામાં શીલભંગ થયું કે કર્યુ.
૩૭૦. વિધવાનો ઉપભોગ કર્યો કે બળાત્કાર કર્યો.
૩૭૧. ફાઈવસ્ટાર આદિ હોટલોમાં પર સ્ત્રીઓને બોલાવી કે કુચેષ્ટાઓ કરી.
૩૭૨. વાસનાને ઉત્તેજિત કરવા કમ્પ્યુટર, ટી.વી., વિડિયો ક્લીપિંગ, ઈન્ટરનેટ, બ્લ્યુ ફિલ્મ, મોબાઈલ ફોન, વિદેશ યાત્રા, કમ્પ્યુટરમાં મારામારી, જુગાર ક્રિકેટ બેટીંગ વગેરે રમત રમ્યા.
૩૭૩. સ્ત્રીના ચિત્રો રાગથી જોયા.

૩૭૪. કામોત્પાદક નવલકથા વાંચી.

૩૭૫. તિથિના દિવસે અબ્રહ્મનું સેવન કર્યું. નિયમ લઈને ભાંગ્યા.

૩૭૬. કામચેષ્ટા કરી કે શીખવાડી.

૩૭૭. દેરાસર ઉપાશ્રય આદિમાં કે બસ, ટ્રેન આદિમાં ગિરદીનો લાભ ઉઠાવી સ્ત્રીને અડવા પ્રયત્ન કર્યો.

૩૭૮. સગીબેન આદિ સાથે છેડતી કરી. એકાન્તનો લાભ ઉઠાવ્યો.

૩૭૯. સિનેમા, ટી.વી. આદિ જોઈને ઉત્તેજિત થયા.

૩૮૦. અશુભ માનસિક વિચાર કર્યા. તે બધા વિચાર લખી દેવા.

૩૮૧. ફિલ્મીસ્તાન, બ્લ્યુઅનેસેક્સબુક્સ, ચીટચેટ, પોર્નોગ્રાફીકમેગેઝીનોઆદિ વિલાસીવાંચનકર્યુ. એવી ખરાબ ફિલ્મો, નાટકોજોયા.

૩૮૨. બીજાના સગપણ, રીસેપ્શન આદિમાં રસપૂર્વક ભાગ લીધો.

૩૮૩. પ્રણીત (અતિશય ઘી, તેલ વાળો) આહાર વાપર્યો.

૩૮૪. અતિમાત્રામાં (પ્રમાણથી અધિક) આહાર લીધો.

૩૮૫. ડાન્સપાર્ટી, કલબ, પબમાં ગયા.

૩૮૬. પૂર્વક્રીડાનું સ્મરણ કર્યુ.

૩૮૭. તીર્થોની ધર્મશાળામાં અબ્રહ્મ સેવ્યું.

૩૮૮. સ્ત્રી બેઠી હોય ત્યાં ૪૮ મિ. પહેલા પુરૂષ બેઠા અથવા પુરૂષ બેઠા હોય તે જગ્યાએ સ્ત્રી ૯ કલાક પહેલા બેઠી.

૩૮૯. હોટલમાં પાર્ટી વગેરેની ગોઠવણ કરી હુક્કા બારમાં ગયા.

૩૯૦. વિભૂષા કરી.

૩૯૧. ઉદ્‌ભટ વેષ પહેરી મોજશોખ કર્યા.

## પાંચમા પરિગ્રહ પરિમાણ અણુવ્રતના દોષોની વિગત

૩૯૨. અજાણતા પરિગ્રહનો નિયમ ભંગ કર્યો.

૩૯૩. જાણીને પરિગ્રહનો નિયમ ભંગ કર્યો.

૩૯૪. એકાએક પરિગ્રહનો નિયમ ભંગ કર્યો.

૩૯૫. પરિગ્રહ ઉપર મૂર્ચ્છા કરી.

૩૯૬. પરિગ્રહ વધતાં આનંદ આવ્યો.

૩૯૭. પરિગ્રહને વધારવા વેપારમાં અનીતિ કરી.

૩૯૮. વૈરભાવ રાખ્યો, ખમાવ્યા નહીં.

૩૯૯. ખમાવવા છતાં અંદરથી ગાંઠ રાખી.

૪૦૦. ધન, ધાન્ય ક્ષેત્ર, વાસણો, પશુઓ વગેરે ૯ ચીજોનો પરિગ્રહનો નિયમ ન કર્યો.

૪૦૧. ધન આદિની વહેંચણીમાં ઓછું મળવાથી દ્વેષ કર્યો.

૪૦૨. વિશ્વાસઘાત કરીને હરામનું ધન પચાવ્યું.

૪૦૩. શેરોની લે-વેંચ કરી, સિગ્નેચર કર્યા.

૪૦૪. પરિગ્રહનો નિયમ રાખ્યો નહીં.

## છઠ્ઠા દિગ્પરિમાણ અણુવ્રતના દોષોની વિગત

૪૦૫. જળમાર્ગે કે આકાશમાં તિર્છું, ઉંચે કે નીચે ગમન કર્યું. કે થયું, નિયમથી વધારે ગમન કર્યું.

૪૦૬. દિશા પરિમાણનો ભંગ કર્યો.

૪૦૭. એક દિશાને ઓછી કરી બીજી દિશા વધારી.

૪૦૮. વર્ષાકાળે વેપાર આદિ માટે બહારગામ ગયા.

૪૦૯. ભૂલી જવાથી અધિક ક્ષેત્રમાં ગયા.

## સાતમા ભોગોપભોગ અણુવ્રતના દોષોની વિગત

૪૧૦. સૂર્યાસ્ત સમયે લગભગ વેળાએ ભોજન કર્યું.

૪૧૧. નિષ્કારણે રાત્રિમાં ભોજન કર્યું.

૪૧૨. કારણે રાત્રિમાં ભોજન કર્યું.

૪૧૩. જાણીને માંસ, દારૂ, મધ, માખણ, બળી વગેરેનું ભક્ષણ કર્યું.

૪૧૪. અજાણતાં માંસ, દારૂ, મધ વગેરેનું ભક્ષણ કર્યું.

૪૧૫. સડેલી વનસ્પતિ વગેરેનું ભક્ષણ કર્યું.

૪૧૬. બોળ અથાણું વગેરેનું ભક્ષણ કર્યું.

૪૧૭. દ્વિદળ=કાચા દૂધ, દહીં આદિમાં કઠોળ (દાળ,પાપડ) ભેળવીને ખાધું.

૪૧૮. સોળ પહોર (બે રાત્રિ) પછીનું દહીં ખાધું.

૪૧૯. દારૂ ન પીવાના નિયમનો ભંગ કર્યો.

૪૨૦. નિયમ નહોતો અને અભક્ષ્ય મધ વગેરેનું ભક્ષણ કર્યું.

૪૨૧. અનંતકાય કે અભક્ષ્યના નિયમનો ભંગ કર્યો.

૪૨૨. ચૌદ નિયમનો ભંગ કર્યો, યોગ્ય સંક્ષેપ ન કર્યો.

૪૨૩. કર્માદાન કર્યા કે કરાવ્યા.

૪૨૪. ભોગોપભોગ પરિમાણનું અતિક્રમણ (ઓળંગી જવું) કર્યું.

૪૨૫. ભોગોપભોગ પરિમાણથી વધારે રાખ્યું.

૪૨૬. હથિયાર, મહાવિગઈ, સાબુ, ભાંગ આદિનો વેપાર કર્યો.

૪૨૭. હિમ, વિષ, ઓળા, કરા, આઈસ્ક્રીમ, ગોળા, કુલ્ફી, બરફ આદિ ખાધા. ______

૪૨૮. બિસલરી, સોડા, પેપ્સી આદિ અપગણ પાણી પીધા. ______

૪૨૯. ચોવિહાર, તિવિહાર આદિ પચ્ચક્ખાણ લીધા પછી ઉલ્ટી થઈ. ______

૪૩૦. વાસી ચલિતરસનું ભોજન કર્યુ (ચલિતરસ એટલે જેના વર્ણરસાદિ બદલાઈ ગયા હોય.) ______

૪૩૧. આદુ, મૂળા, ગાજર આદિ કંદમૂળનું ભક્ષણ કર્યુ. ______

૪૩૨. આદુવાળી ચા પીધી કે ચા માં આદુ નંખાવ્યું. ______

૪૩૩. નિયમ હોવા છતાં પણ કંદમૂળનું ભક્ષણ કર્યુ. ______

૪૩૪. રોટલી આદિ વાસી રાખી કે ખાધી અથવા ખવડાવી. ______

૪૩૫. અચિત્તજળ-ગરમ પાણીના નિયમો પ્રમાદથી ભંગ કર્યા. ______

૪૩૬. અચિત્ત જળના નિયમ નો જાણીને ભંગ કર્યા. ______

૪૩૭. મકાન આદિ નવા બનાવ્યા. ______

૪૩૮. મીલ-કારખાના, ટ્રાન્સપોર્ટ વગેરેનો વ્યાપાર કર્યો. ______

૪૩૯. પૂંજ્યા વગર સ્ટવ, ચૂલા પ્રગટાવ્યા. ______

૪૪૦. એક્ટર, એક્ટ્રેસ, મીસ વર્લ્ડ, સીંગર, ક્રિકેટર થવાનો પ્રયત્ન કર્યો, કે મન થયું.

૪૪૧. કંદમૂળનું શાક બનાવીને આપ્યું.

૪૪૨. પીલુ, પીચુ, ખસખસ, અંજીર વગેરે બહુબીજવાળી વસ્તુઓ ખાધી.

૪૪૩. અજાણ્યા ફળ ખાધાં.

૪૪૪. સચિત્ત ખાધું.

૪૪૫. ઘી, ગોળ, છાશ વિ. ના ભાજન ઉઘાડા મૂક્યા.

૪૪૬. વાસી માખણ તવાવ્યા.

૪૪૭. રંગકામ કર્યું કે કરાવ્યું.

૪૪૮. બજારું બિસ્કીટ, ચોકલેટ, બ્રેડ, કેક, કેડબરી, ચિંગમ, પાઉંભાજી, સેંડવીચ, પીઝા, ચાઈનીઝ વ. આઈટમો ખાધી.

૪૪૯. ઓપરેશનાદિ કરાવ્યા.

૪૫૦. બ્લડ, યુરીન ટેસ્ટ કરાવ્યા, એક્સરે, સોનોગ્રાફી આદિ કરાવી.

૪૫૧. ઈંજેક્શન લીધાં, ગ્લુકોસ, લોહીના બાટલા ચઢાવ્યા.

૪૫૨. મકાન ભાડે આપ્યા, મકાનના પાયા ખોદાવ્યા.

૪૫૩. ગાડી, સ્કુટર વિ. વાહનોનો ધંધો કર્યો.

૪૫૪. કેરોસીન, પેટ્રોલ, લાકડાના વેપાર કીધા.

૪૫૫. સોની, લુહાર, લોખંડ વ. ના મોટા ભઠ્ઠા ચલાવ્યા.

૪૫૬. લીલી મકાઈ, ઘઉં, ચણાં, મગફળી વ. શેકીને, બાફીને વાપર્યા.

## આઠમા અનર્થદંડ વ્રતના દોષોની વિગત

૪૫૭. અનર્થદંડ વિરમણનો ભંગ કર્યો.

૪૫૮. શત્રુઘાત, રાજ્યની પ્રાપ્તિ, ગામનો ઘાત, આગ લગાડવાની વૃત્તિ થઈ, અથવા પ્રવૃત્તિ કરી.

૪૫૯. પોતાને વિદ્યાધર આદિ થવાની ઈચ્છા આદિ દુર્ધ્યાન કર્યું.

૪૬૦. બળદો પર દમન કર્યું. (જુલમ ગુજારવો) ખેતરો ખેડવા,

ગાડી ચલાવવી આદિ પાપોપદેશ આપ્યો.

૪૬૧. હળ, યંત્ર, ચૂલા, સગડી, ગેસ, મિક્સર, આદિ હિંસક વસ્તુઓ આપી.

૪૬૨.સિનેમા, રેડિયો, ટેલિવિઝન, ચેનલ, વી.સી.આર., કમ્પ્યુટર, મોબાઈલ આદિ રાખ્યા, જોયાં કે સાંભળ્યા.

૪૬૩. છરી, ચપ્પુ, સોય, કાતર આદિ ખોવાયા.

૪૬૪. કામણ, ટુમણ (વશીકરણ) આદિ કર્યા કે કરાવ્યા.

૪૬૫. સરોવર આદિનું શોષણ કરાવ્યું.

૪૬૬. સરકસ, નાટક આદિ જોયા.

૪૬૭. સિનેસ્ટાર, પોસ્ટર રાગથી જોયા.

૪૬૮. એક્ટર, એક્ટ્રેસની એકશન કરી.

૪૬૯. લોટરીની ટિકીટ ખરીદી.

૪૭૦. કોઈકની ઋદ્ધિ જોઈને તેની ઈચ્છા કે ઈર્ષ્યા કરી.

૪૭૧. અષ્ટમી, ચતુર્દશી આદિ તિથિએ ખાંડવા, દળવા તણા નિયમ ભાંગ્યા.

૪૭૨. કજીયો કરાવ્યો અને અબોલા લીધા.

૪૭૩. ગાય, ભેંસ, કૂતરા આદિને હેરાન કર્યા, માર્યા, હાંક્યા.

૪૭૪. જુગાર રમ્યા.

૪૭૫. બીડી, સિગારેટ, હેરૉઈન, ચરસ, ગાંજો વગેરે પીધા.

૪૭૬. પાનપરાગ, તમ્બાકુ, ગુટખા ખાધાં.

૪૭૭. વિકથા કરી. (ભક્તકથા, રાજકથા, દેશકથા, સ્રીકથા)

૪૭૮. શતરંજ, કેરમ, ક્રિકેટ, કબડ્ડી,હોકી વગેરે રમ્યા કે જોયા.

૪૭૯. નપુંસક આદિનો વિવાહ કરાવ્યો.

૪૮૦. બ્રાન્ડી, વ્હીસ્કી વગેરે પીધી.

૪૮૧. જોરથી અટ્ટહાસ્ય કર્યુ.

૪૮૨. પુરુષ-સ્ત્રીના હાવભાવ, રૂપ, શૃંગાર વખાણ્યા. ______

૪૮૩. પારકી પંચાયત નિંદા કરી. ______

૪૮૪. ચાડીયાપણું કીધું. ______

૪૮૫. ભાઈ-ભાભી, દેરાણી-જેઠાણી આદિને લડાવ્યા. ______

૪૮૬. તલવાર, સાંબેલું, ઘંટી, ગ્રાઈન્ડર વગેરે આપ્યા. ______

૪૮૭. બળદગાડી, ઊંટગાડી, ઘોડાગાડી, ગાડી, સ્કુટરાદિમાં બેઠા, ચલાવ્યા, અનુમોદના કરી. ______

૪૮૮. હોટલમાં ખાધું, ટેસ્ટ આવ્યો. ______

૪૮૯. ટી.વી.માં મેચ રસપૂર્વક જોઈ, ભારત જીત્યું, તો ખુશી મનાવી, પાકિસ્તાન હારે, તો તાળીઓ પાડી, ફટાકડા ફોડ્યા. ______

૪૯૦. મેકઅપ, નેલપોલીસ, પફ-પાવડર, લીપસ્ટીક, બોડી સ્પ્રે, ક્રીમ આદિ શોખના સાધનોનો ઉપયોગ કર્યો. ______

૪૯૧. ઘણી નિદ્રા કીધી. ______

૪૯૨. મોજશોખ માટે હોડકા, સ્ટીમરમાં બેઠા. ____

૪૯૩. કૂતરા, બિલાડા વગેરે પશુ શોખથી પાળ્યા. ____

૪૯૪. પત્તા રમ્યા. ____

૪૯૫. વરસાદમાં શોખથી નાહ્યા. ____

## નવમા સામાયિક વ્રતના દોષોની વિગત

૪૯૬. પૌષધ કે સામાયિકમાં મુહપત્તિ ખોવાઈ ગઈ. ____

૪૯૭. સામાયિકમાં ચરવળો, મુહપત્તિ ૩.૫ હાથથી વધારે દૂર થઈ ગયા. (આંતરું પડ્યું) ____

૪૯૮. ચરવળો ખોવાઈ ગયો કે તૂટી ગયો. ____

૪૯૯. સચિત્તાદિનો સંઘટ્ટો થયો. ____

૫૦૦. સામાયિકમાં વિકથા કરી. ____

૫૦૧. ષટ્કાયનો સંઘટ્ટો થયો કે પીડા ઉત્પન્ન થઈ. ____

૫૦૨. સ્ત્રીને પુરુષનો, પુરુષને સ્ત્રીનો પરસ્પર સંઘટ્ટો થયો.

૫૦૩. સ્ત્રીને પુરુષનો, પુરુષને સ્ત્રીનો અનંતર સંઘટ્ટો થયો.

૫૦૪. સામાયિકમાં વિજળી કે દીવાની ઉજેહી આવી.

૫૦૫. સામાયિકમાં સ્થંડિલ, પેશાબાદિ માટે સંડાસમાં ગયા.

૫૦૬. વેપાર અંગે સૂચના કરી.

૫૦૭. પુત્રાદિકને માર્યા કે સ્નેહ કર્યો.

૫૦૮. સામાયિક પુરું થયા વગર પાર્યું.

૫૦૯. સામાયિક પારવાનું ભૂલાઈ ગયું.

૫૧૦. સામાયિકના નિયમનો ભંગ કર્યો.

૫૧૧. શક્તિ હોતે છતે સામાયિક ન લીધું.

૫૧૨. સામાયિકમાં ફોન ઉપાડ્યો.

૫૧૩. ઉજેહીમાં જોઈને વંદિત્તુ, અતિચાર આદિ સૂત્ર બોલ્યા.

૫૧૪. સામાયિકમાં બાળકનો સંઘટ્ટો થયો.

૫૧૫. સામાયિકમાં મુહપત્તિ ખોવાઈ.

૫૧૬. સામાયિકમાં ફોન, લાઈટાદિ ચાલુ બંધ કરવા કહ્યું.

## દશમા દેશાવગાસિક વ્રતના દોષોની વિગત

૫૧૭. દેશાવગાસિક વ્રત કર્યું નહિ.

૫૧૮. દેશાવગાસિક વ્રતનો ભંગ કર્યો.

૫૧૯. દેશાવગાસિક વ્રતમાં અતિચાર લગાડ્યા.

૫૨૦. નિયમ કરતા દૂરથી વસ્તુ મંગાવી, મોકલી.

૫૨૧. રૂપ, અવાજ વગેરે કરી પોતાનું અસ્તિત્વ જણાવ્યું.

## અગિયારમા પૌષધોપવાસ વ્રતના દોષોની વિગત

૫૨૨. ઈરિયાવહીયા કે ગમણાગમણે ન કર્યા અને પાણી વાપર્યું.

૫૨૩. સાંજે સ્થંડિલ અને માત્રું પરઠવવાની જગ્યા ન જોઈ.

૫૨૪. કબાટ આદિ પૂંજ્યા-પ્રમાર્જ્યા વિના ખોલ્યા.

૫૨૫. શરીર પ્રમાર્જન કર્યા વિના ખંજવાળ્યું.

૫૨૬. પૂંજવા પ્રમાર્જવામાં ઉપયોગ ન રાખ્યો.

૫૨૭. પૂંજ્યા વિના ટેકો લઈ બેઠા.

૫૨૮. બેઠા બેઠા પ્રતિક્રમણ આદિ કર્યું.

૫૨૯. સ્ત્રી-પુરુષનો સંઘટ્ટો અનંતર કે પરંપર થયો.

૫૩૦. ષટ્કાયનો નાશ કર્યો કે પીડા ઉત્પન્ન કરી.

૫૩૧. ત્રણ ટંક દેવવંદન ન કર્યું.

૫૩૨. પૌષધમાં ઉલ્ટી થઈ.

૫૩૩. પૌષધમાં રાત્રે ઠલ્લે ગયા.

૫૩૪. પૌષધમાં ગ્લાનાદિની ભક્તિ ન કરી.

૫૩૫. પૌષધમાં વંદન કરીને પચ્ચક્ખાણ ન લીધું.

૫૩૬. પૌષધમાં વિકથા કરી.

૫૩૭. સાવદ્યભાષા બોલ્યા કે મુહપત્તિનો ઉપયોગ ન રાખ્યો.

૫૩૮. પોરિસી ન ભણાવી કે ભૂલી ગયા.

૫૩૯. રાત્રિમાં ૧૦૦ ડગલાથી વધારે ઉપાશ્રયની બહાર ગયા.

૫૪૦. અવિધિથી ગુરૂવંદન કર્યું.

૫૪૧. મુહપત્તિ, ચરવળો અવગ્રહ (૩.૫ હાથ)થી બહાર ગયા.

૫૪૨. પૌષધમાં પ્રતિક્રમણ ન કર્યું.

૫૪૩. પચ્ચક્ખાણ પારવું ભૂલી ગયા.

૫૪૪. પક્ખી, ચૌમાસી, સંવત્સરી પ્રતિક્રમણ ન કર્યું.

૫૪૫. અપૂર્ણ કાયોત્સર્ગ પાર્યો.

૫૪૬. ગુરુથી પહેલાં કાયોત્સર્ગ પાર્યો.

૫૪૭. કાયોત્સર્ગ ન કર્યો.

૫૪૮. ઘણું સામર્થ્ય હોવાં છતાં પણ થોડો જ સ્વાધ્યાય કર્યો.

૫૪૯. એકાસણું, આયંબિલાદિ કર્યા પછી ચૈત્યવંદન ન કર્યું.

૫૫૦. પૌષધમાં ઘરનો વ્યાપાર આદિ કર્યો.

૫૫૧. હાથ-પગ વગેરે ધોઈને શોભા કરી.

૫૫૨. પૌષધ મોડો લીધો, વહેલો પાર્યો.

૫૫૩. પૌષધમાં ઘર-કુટુંબનો વિચાર કર્યો.

૫૫૪. સ્થંડિલ-માત્રુ બાથરૂમમાં ગયા.

૫૫૫. રાત્રે દંડાસન વગર ચાલ્યા.

૫૫૬. રાઈ મુહપત્તિ ન કરી.

૫૫૭. દેરાસરનું ચૈત્યવંદન ન કર્યું.

૫૫૮. મુટ્ઠિસહિત પચ્ચક્ખાણ પારવું ભૂલાઈ ગયું.

૫૫૯. ચૂનાના પાણીના કાળનું ધ્યાન ન રાખ્યું.

૫૬૦. વાડામાં સ્થંડિલ ગયા.

૫૬૧. ગૃહસ્થના ઘરમાં પ્રવેશ વખતે જયણામંગલ ન બોલ્યું.

૫૬૨. કાળવેળાએ દેવ ન વાંદ્યા.

૫૬૩. કાજો સૂપડીમાં લઈને વોસિરાવ્યો નહિ.

૫૬૪. રાત્રે કાનમાં કુંડલ ન નાંખ્યા.

૫૬૫. કાળવેલાએ કામળી ન ઓઢી.

૫૬૬. પૌષધમાં એંઠુ મૂક્યું.

૫૬૭. અષ્ટપ્રવચન-માતાનું યથાશક્તિ પાલન ન કર્યું.

૫૬૮. પૌષધમાં પારણાદિકની ચિંતા કરી.

૫૬૯. પૌષધમાં માત્રુ આદિ પરઠવતા અણુજાણહ જસ્સુગ્ગહો ન કહ્યો., પરઠવ્યા પછી ૩ વાર વોસિરે ન કહ્યું.

૫૭૦. ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કરતા જયણા-મંગળ ન કહ્યું.

૫૭૧. અવિધિએ સંથારો પાથર્યો.

૫૭૨. પૌષધ પારતાં આનંદ આવ્યો.

૫૭૩. પૌષધમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાની નિંદા કરી.

૫૭૪. મુહપત્તિનો ઉપયોગ ન રાખ્યો.

૫૭૫. પર્વતિથિએ પૌષધ ન કર્યો.

૫૭૬. નિયમ હોવાં છતાં પણ પૌષધ ન કર્યો.

૫૭૭. પૌષધમાં કાજો બે વાર, ચોમાસામાં ૩ વાર લીધો નહીં.

૫૭૮. પૌષધમાં સ્વાધ્યાય કર્યો નહી.

૫૭૯. ઉપાશ્રયમાં જતાં-આવતાં નિસીહિ-આવસ્સહી ન કહી.

૫૮૦. ૧૦૦ ડગલા દૂર જઈને આવ્યા પછી ઈરિયાવહીયા ન કરી.

## બારમા અતિથિસંવિભાગવ્રતના દોષોની વિગત

૫૮૧. અતિથિ સંવિભાગના નિયમનું પાલન ન કર્યુ.

૫૮૨. સાધુને ઉપયોગ વગરનો અશુદ્ધ, અકલ્પ્ય આહાર વહોરાવ્યો.

૫૮૩. પર્વતિથિએ નિયમ હોવા છતાં પણ તપ ન કર્યો.

૫૮૪. દાન આપનારની નિન્દા કરી.

૫૮૫. અતિથિસંવિભાગમાં અતિચાર લગાડ્યા.

૫૮૬. અકલ્પ્ય હોવા છતાં કલ્પ્ય કહીને વહોરાવ્યું.

૫૮૭. ગુણવંતની ભક્તિ ન કરી, સહાયક ન થયા.

૫૮૮. સીદાતા સાધર્મિકને સહાયક ન થયા.

૫૮૯. ગરીબોને અનુકંપા દાન ન દીધું.

૫૯૦. છતી શક્તિએ સ્વામીવાત્સલ્ય ન કર્યું.

૫૯૧. દાન આપી પસ્તાવોં કર્યો.

૫૯૨. વહોરાવવાના સમયે હાજર ન રહ્યા.

૫૯૩. ઈર્ષ્યા, અભિમાનથી ગોચરી વહોરાવી.

## તપાચારના દોષોની વિગત

૫૯૪. પાક્ષિક, ચાર્તુમાસિક, સાંવત્સરિક તપ ન કર્યો.

૫૯૫. પચ્ચક્ખાણનો ભંગ થયો.

૫૯૬. પચ્ચક્ખાણ પારવાનું ભૂલી ગયા.

૫૯૭. અભિગ્રહ ભંગ કર્યો.

૫૯૮. તપનું નિયાણું કર્યું.

૫૯૯. નવકારશી મુટ્ઠસી આદિ સરળ પચ્ચક્ખાણ પણ ન કર્યું.

૬૦૦. શક્તિ હોવાં છતાં પણ ૧૨ પ્રકારનો તપ ન કર્યો.

૬૦૧. ઈન્દ્રિયોના વિષયો પર રાગ-દ્વેષ કર્યા.

૬૦૨. તપમાં કષાય કર્યો.

૬૦૩. વાચનાદાતા, અને નાના-મોટા સાધુનો અવિનય કર્યો.

૬૦૪. પ્રમાદથી વ્રતભંગ કર્યો.

૬૦૫. દર્પથી વ્રતભંગ કર્યો.

૬૦૬. જાણતાં છતાં વ્રતભંગ કર્યો.

૬૦૭. તપની નિંદા કરી.

૬૦૮. ગુરુજન, તપસ્વી આદિનું વૈયાવચ્ચ ન કર્યું.

૬૦૯. ઉણોદરી તપ ન કર્યો.

૬૧૦. વિગઈ ત્યાગનો ભંગ કર્યો.

૬૧૧. એકાસણા આદિમાં કાચું પાણી પીધું.

૬૧૨. પાટલો હાલ્યો.

૬૧૩. ગુરુએ આપેલ પ્રાયશ્ચિત પુરું કર્યું નહિ.

૬૧૪. વાચના વગર અધ્યયન કર્યું.

૬૧૫. ધર્મના પ્રભાવથી રાજઋદ્ધિ આદિ વાંછી.

૬૧૬. ધર્મના પ્રભાવથી દેવેન્દ્ર આદિ પદવી વાંછી.

૬૧૭. દુઃખ આવ્યે મરણ ઈચ્છ્યું, સુખ આવ્યે જીવન ઈચ્છ્યું.

૬૧૮. ઉપવાસાદિ તપ કરી જાણીને છુપી રીતે ખાધું.

૬૧૯. અધિક તપસ્વીની ઈર્ષ્યા કરી.

૬૨૦. લોચાદિક કષ્ટ સહન ન કર્યા.

૬૨૧. એકાસણાદિ કરવા બેસતા નવકાર ન ગણ્યો.

૬૨૨. તપમાં બીજાની નિંદા કરી.

૬૨૩. તપમાં અધિક તપસ્વીની નિંદા કરી.

૬૨૪. એકાસણાદિમાં ઉઠતા પચ્ચક્ખાણ લેવું ભૂલ્યા.

૬૨૫. એકાસણાદિમાં અજીર્ણના ઓડકાર આવ્યા.

૬૨૬. એકાસણાદિ કર્યા બાદ ઉલ્ટી થઈ.

૬૨૭. એકાસણાદિ કર્યા બાદ વાપર્યા બાદ મુખમાંથી દાણો નીકળ્યો.

## વીર્યાચારના દોષોની વિગત

૬૨૮. ઊંઘના કારણે કાયોત્સર્ગ ન પાર્યો કે પ્રતિક્રમણમાં વાંદણા ન આપ્યા.

૬૨૯. ગુરુની પહેલા વાંદણા, આપ્યા.

૬૩૦. ગુરુની પછી વાંદણા આપ્યા.

૬૩૧. અવિધિથી (થોડા મોડા) વાંદણા ખમાસમણા આદિ ક્રિયા કરી.

૬૩૨. ન્યૂનાધિક અક્ષરથી વાંદણા આપ્યા.

૬૩૩. પ્રતિક્રમણ ન કર્યુ.

૬૩૪. બેઠાં બેઠાં આવશ્યક ક્રિયાઓ કરી.

૬૩૫. અવિધિએ આવશ્યક ક્રિયાઓ કરી.

૬૩૬. દાનાદિમાં શક્તિ છુપાવી.

૬૩૭. સામર્થ્ય અનુસાર પૂજાદિ અનુષ્ઠાન ન કર્યા.

૬૩૮. જ્ઞાન મેળવવામાં આળસ કર્યો.

૬૩૯. દર્શન માટે કોશિશ ન કરી.

૬૪૦. ચારિત્ર (દેશવિરતિ)માં મૂલ-ઉત્તર ગુણમાં પ્રમાદ કર્યો.

૬૪૧. તપ, વિનય, વૈયાવચ્ચ આદિ ન કર્યુ.

૬૪૨. માયા કરી.

૬૪૩. ક્ષેત્રમાં શક્તિ હોવા છતાં દાન ન આપ્યું.
૬૪૪. દેવદ્રવ્યનું ભક્ષણ કર્યુ.
૬૪૫. ગુરુદ્રવ્યનું ભક્ષણ કર્યુ.
૬૪૬. સાધારણ દ્રવ્યની ઉપેક્ષા કરી.
૬૪૭. પ્રતિક્રમણાદિ શુભ ક્રિયાઓમાં ઝઘડો કર્યો.
૬૪૮. જ્ઞાનાદિના ચઢાવા સમયે વાતો કરી.
૬૪૯. અંતરાયભૂત બન્યા.
૬૫૦. વિશ્વાસઘાત કર્યો.
૬૫૧. આત્મહત્યાના વિચારો કર્યા કે કરાવ્યા.
૬૫૨. આત્મહત્યાનો પ્રયત્ન કર્યો.
૬૫૩. કડક શબ્દોથી ત્રાસ આપ્યો.
૬૫૪. ઉદ્ભટ વેષ આદિથી આકર્ષણ ઉભું કર્યુ.
૬૫૫. અશુભ કાર્યમાં મદદ કરવાના પ્લાન બનાવ્યા.

૬૫૬. માતા-પિતા આદિનો તિરસ્કાર કર્યો. તેમને માર માર્યો. ______

૬૫૭. માયા-કપટ કરી. ______

૬૫૮. ક્રોધ અને દ્વેષના વિચારો કર્યા. ______

૬૫૯. લોભ, લાલચ આપી ફસાવ્યા. ______

૬૬૦. અભિમાનથી નોકર-ગરીબોને ઠપકાર્યા. ______

૬૬૧. સગા-સંબંધી તેમ જ પાડોશી સાથે ઝઘડો કીધો. ______

૬૬૨. વરરાજાને પોંખ્યા. ______

૬૬૩. શોક પાળ્યો, છાતી કૂટી. ______

૬૬૪. નાશવંત વસ્તુ માટે ઝઘડો કર્યો. ______

૬૬૫. સગા-સંબંધી મરી જતાં આર્તધ્યાન કર્યું. ______

૬૬૬. ભાઈ-બહેન ઝઘડ્યા. ______

૬૬૭. ભાઈ બહેન સાથે મારામારી કરી. ______

## વિશેષ દોષોની વિગત

૬૬૮. મેગી, બટર, ચીઝ, પનીર, નુડલ્સ, પીઝા વાપર્યા.

૬૬૯. અંતરાયમાં મુસાફરી કરી.

૬૭૦. અંતરાય ૨૪ પ્રહર (૩ દિવસ) ન પાળી.

૬૭૧. અંતરાયમાં અડાઅડી કરી.

૬૭૨. અંતરાયમાં ભેગુ ચલાવ્યું.

૬૭૩. સંડાસ બાથરૂમ બંધાવ્યા.

૬૭૪. એંઠા કપ, રકાબી, થાળી આદિ વાસણો ૪૮ મીનિટ ઉપરાંત રાખ્યા.

૬૭૫. મુખકોશ બાંધ્યા વગર ગભારામાં ગયા.

૬૭૬. આઠ પડવાળો મુખકોશ ન બાંધ્યો.

૬૭૭. ગભારામાં અગ્રપૂજા કરી.

૬૭૮. મનુષ્ય, પશુ, પક્ષી વગેરે ચિત્રોવાળા કપડા પહેર્યા.

૬૭૯. સાસુ-સસરાને ખાવા-પીવા માટે ત્રાસ આપ્યો.

૬૮૦. ગુસ્સો કરીને કોઈને માર માર્યો.

૬૮૧. કોઈનો ગુસ્સો બીજા પર કાઢ્યો.

૬૮૨. કોઈનો ગુસ્સો બીજા પર કાઢ્યો.

૬૮૩. ધર્મ કે ધર્મ કરનારની ઠેકડી ઉડાડી.

૬૮૪. જાતિ, કુળ, રૂપ આદિનો મદ કર્યો.

૬૮૫. પ્રતિક્રમણમાં વાતો કરી.

૬૮૬. કૂવો ખોદાવ્યો.

૬૮૭. ધર્મઅનુષ્ઠાન કરવામાં (દીક્ષા લેવામાં, નવ્વાણુ, ઉપધાન આદિ કરવામાં) અંતરાયભૂત થયા.

૬૮૮. વાસી મલાઈ રાખી.

૬૮૯. આર્દ્રા નક્ષત્ર પછી કેરી વાપરી.

૬૯૦. ફાગણ ચોમાસા ચોમાસા ભાજી, પાલો, કોબી, ફલાવરાદિ વાપર્યા.

૬૯૧. છોકરાઓ સાથે હસી–મજાક ઉડાવી.

૬૯૨. વાસી માખણ તાવ્યા.

૬૯૩. નાના છોકરાઓને ઠુઠાડ્યા.

૬૯૪. માતા–પિતા–વડિલોનો અવિનય કર્યો.

૬૯૫. પશુ–પક્ષી વગેરે આકારવાળા પિપરમેંટ, બિસ્કીટ ખાધાં.

૬૯૬. હિંસક ચામડાના બુટ, ચંપલ, બેલ્ટ વગેરે વાપર્યા.

૬૯૭. શૉવર બાથથી નાહ્યા.

૬૯૮. સ્વીમીંગ પુલ કે વૉટર પાર્કમાં નાહ્યા.

૬૯૯. ચોમાસામાં પાપડ, મેવા આદિ વાપર્યા.

૭૦૦. સંડાસ આદિમાં છાપું વાંચ્યુ.

૭૦૧. પીવાનું એઠું પવાલું માટલામાં બોળ્યું.

૭૦૨. સામાયિકમાં સેલવાળી ઘડિયાળ વાપરી.

૭૦૩. અભિગ્રહ કે કાઉસગ્ગ ભાંગ્યા.

૭૦૪. સાધ્વીજી ભગવંત પાસે ચરવળો બંધાવ્યો.

૭૦૫. પૂજાના કપડા અતિશય મેલા કે પરસેવાવાળા પહેર્યા.

૭૦૬. અંતરાયમાં ભગવાનનું નામ બોલ્યા.

૭૦૭. પ્રતિક્રમણાદિમાં બહેનોને આડ પાડી.

૭૦૮. પોતાની પ્રશંસા સાંભળી ખુશ થયા.

૭૦૯. ભોજનના વખાણ કે નિંદા કરી, કરાવી.

૭૧૦. પ્લાસ્ટીકની નવકારવાળી વાપરી.

૭૧૧. ઈષ્ટ વસ્તુનો કે વ્યક્તિનો સંયોગ થતા ખુશ થયા.

૭૧૨. અનિષ્ટ વસ્તુનો કે વ્યક્તિનો વિયોગ થતા ખુશ થયા.

૭૧૩. ઈષ્ટ વસ્તુનો કે વ્યક્તિનો વિયોગ થતા નારાજ થયા.

૭૧૪. વેદના આવ્યે આર્તધ્યાન કર્યું.

૭૧૫. એઠી થાળી ધોઈને ન પીધી.

# ભવ આલોચનાનું પ્રાયશ્ચિત

**પેજ નં. ૬૫ થી ૬૮ આ ૪ પેજો ગુરુમહારાજને આપજો.**

પ. પૂ. ગુરુદેવ શ્રી : ........................................................................ ને વંદના.

નામ : ..................................................................... ઉંમર : ..................

પૂરેપૂરું સરનામું : ..................................................................................

.........................................................................................................

.........................................................................................................

ફોન નંબર : ..........................................................................................

***સૂચના :-*** જે કરી શકો તે ✓ કરી સૂચિત કરો ....... છઠ્ઠમ અઠ્ઠમ ........ આયંબિલ

............... એકાસણાદિ ............... સ્વાધ્યાય

ભવ આલોચના પહેલાં લીધેલી છે ? હા કે ના ? ........................................

ભવ આલોચના લીધી હોય, તો હવે કેટલા વર્ષની બાકી છે ? ................................

**(સૂચના :- નીચેની વિગત પ્રાયશ્ચિતદાતા ગુરુદેવ ભરીને તમને પરત કરશે.)**

નિમ્નોક્ત પ્રાયશ્ચિત ............................................ વર્ષમાં વહન કરવાનું છે.

૧. અઠ્ઠમ ..........., ૨. છટ્ઠ ..........., ૩. ઉપવાસ ..........., ૪. આયંબિલ ...........

૫. એકાસણા......, ૬. બેસણા......, ૭. બાધી નવકારવાળી......, ૮. સામાયિક......,

૯. સ્વાધ્યાય (ગોખવું, વાંચવું, વ્યાખ્યાન સાંભળવું આદિ).......કલાક ગાથા કંઠસ્થ કરવી.

જીવદયા ........................................ અન્ય ..........................................

તિથિ ........................................... તારીખ ........................................

સહી ........................................

## ગુરુદેવશ્રી દ્વારા આશ્વાસનનાં અમીછાંટણા

હે ભાગ્યશાળી આત્મન્ ! તેં પાપરૂપી મેલને પ્રાયશ્ચિતરૂપી ગંગામાં આલોચનારૂપી સાબુથી ધોઈને તારા આત્માને નિર્મળ બનાવ્યો છે. જિનેશ્વર ભગવાનની આજ્ઞા મુજબ આલોચનાની શુધ્ધિ કરીને પ્રાયશ્ચિત સ્વીકારવા દ્વારા તેં કમાલ કરી છે !!! એકેક દોષને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નિખાલસપણે નિઃસંકોચ રીતે બાળકની જેમ સ્પષ્ટ જણાવીને જબરદસ્ત પુરુષાર્થ કરી અનંત કર્મોનો ખાત્મો બોલાવ્યો છે. હું તો શું તને ધન્યવાદ આપું ? પણ અનંતજ્ઞાની શાસ્ત્રકાર ભગવંતો પ્રશંસા કરતા કહે છે કે, "શુધ્ધ આલોચના લેનાર વંદનીય છે, પૂજનીય છે, સત્કાર કરવા યોગ્ય છે, સન્માન કરવા યોગ્ય છે. !" મહાપુરૂષોના ટંકશાળી વચનથી અને આંતરિક આશીર્વાદથી તને કર્મોની સામે ઝઝુમવા અદ્ભુત તાકાત પ્રાપ્ત થશે.


હવે તારા પાપોની ગંદી ગટર સાફ થઈ ગઈ હોવાથી તું જેટલું આરાધનાનું અત્તર તારા આત્મામાં નાંખીશ, તેનાથી તારું ભાવી જીવન ગુણ સૌરભથી મઘમઘાયમાન થશે. પણ સબૂર ! હવે કોઈપણ દિવસ એમ વિચાર ન કરીશ કે મેં

મારી નબળી કડીઓ ગુરુજીને જણાવી દીધી છે, તેથી તેઓ મને નિમ્ન કોટીનો માનવ સમજશે ! ના, ના, ગુરુદેવ શ્રી કોઈપણ દિવસે મરણપર્યંત તારી તરફ અણગમો નહિ જ રાખે. કેમ કે શાસ્ત્રમાં કહ્યું છે કે, "જં પડિસેવિજ્જઈ, તં ન દુક્કરં ! જં આલોઈજ્જઈ તં દુક્કરં." પાપનું સેવન કરવું, એ કાંઈ દુષ્કર કાર્ય નથી, કારણ કે મોહનીય કર્મના ઉદયથી જીવ પાપસેવન કરી લે છે, પણ તારા જેવા પુણ્યાત્મા શુધ્ધ આલોચના લે છે, તે જ આત્મા દુષ્કર કાર્ય કરનાર કહેવાય છે. તારા જેવા ભવ્યાત્મા જ ગુરુસમર્પિત થઈ શુદ્ધ આલોચના કરે છે. તેં ગુરુસમર્પિત થઈને આલોચના શુધ્ધિ કરી દુષ્કર કાર્ય કર્યું છે. હવે ગુરૂદેવશ્રીને જીવન સમર્પણ કરી સંયમની સાધના કરી સિધ્ધિપદને પરંપરાએ શીઘ્રાતિશીઘ્ર પ્રાપ્ત કરજે, એવા શુભ આશીર્વાદ છે.

જીવનમાં પ્રભુદર્શન, પૂજા, સામાયિક, વ્યાખ્યાનશ્રવણ આદિ પ્રવૃત્તિ કરજે. તારૂં કલ્યાણ થાઓ... સિધ્ધિવધૂ સાથે મિલન થાઓ...

તારો મોક્ષ થાઓ... એવી શુભેચ્છા...

સહી ..................................



ડીઝાઈન : સિધ્ધચક્ર ગ્રાફિક્સ
અમદાવાદ (079) 25620579, 9428115307